## જન્મદિને વધામણી



દિલિપસિંહ જે પરમાર
મહામંત્રી, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર



જિતેન્દ્ર ઓ શાહ
ઉપપ્રમુખ, શ્રી સમસ્ત ખડાયતા સમાજ, ગાંધીનગર



રહિમ મકવાણા
મો. ૯૪૨૯૦ ૨૮૪૮૪



રૂદ્ર હાર્દિકભાઈ જોષી
મો. ૮૭૩૩૮ ૨૬૭૧૦

### સચિવાલય આંતરવિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ

# માર્ગ અને મકાન વિભાગની ટીમને હરાવી નાણાં વિભાગની ટીમ ફાઈનલમાં પ્રવેશી

ગાંધીનગર, તા. ૨૦

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની સેમિ ફાઈનલ મેચમાં શનિવારે માર્ગ અને મકાન વિભાગની ટીમને હરાવી નાણાં વિભાગની ટીમે ફાઈનલ સ્પર્ધામાં પ્રવેશ કર્યો હતો.

નાણાં વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી હતી અને ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૧૭૧ રન કર્યા હતા, જેમાં ધવલ અગ્રાવતના ૮૪ (૪૮ બોલમાં ૭ ચોગ્ગા અને પાંચ છગ્ગા), શૈલેષ પ્રજાપતિના ૪૧ (૪૧ બોલમાં ૩ ચોગ્ગા) નોટ આઉટ, સંદિપસિંહ ચાવડાના ૨૬ (પચીસ બોલમાં ૪ ચોગ્ગા), અને વૈભવ મોડના નોટ આઉટ ૧૦ રન મુખ્ય હતા.

માર્ગ અને મકાન વિભાગની ટીમે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૨૭ રન કરતાં નાણાં વિભાગની ટીમનો ૪૪ રને વિજય થયો હતો અને તેણે ફાઈનલ સ્પર્ધામાં પ્રવેશ કર્યો હતો.

માર્ગ અને મકાન વિભાગની ટીમ વતી બેટીંગમાં અનિલ ચૌધરીના ૨૧ અને મારૂક પઠામના ૪૮ રન મુખ્ય હતા. ઓલ રાઉન્ડ દેખાવ બદલ ધવલ અગ્રાવતને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે સૅક્ટર-૨૧ જીમખાના ખાતે આગામી તા. ૨૧ ડિસેમ્બર ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે નાણાં વિભાગ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ટીમ વચ્ચે આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ યોજાઈ રહી છે. સૌ ક્રિકેટપ્રેમી કર્મચારીઓ તથા જાહેર જનતાને આ મેચ જોવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.







**આનંદમેળો :** સેક્ટર-૧૭માં આવેલ વિવેકાનંદ તપોવન સંસ્કાર ધામ ખાતે આનંદ મેળાનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાનગીઓ અને વિવિધ પ્રયોગોના સ્ટોલ કરાયા હતા. ગ્રામીણ વિસ્તારમાં વસતા વિદ્યાર્થીઓના વાલીઓ સ્ટોલના મુલાકાતીઓ બન્યા હતા. સૌ વાલી પરિવારોએ હાજર રહી વિદ્યાર્થીઓની સ્વાવલંબન પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરી હતી.

# ધોરણ-૧૦ના નબળા પરિણામ અંગે વાલીઓની ચિંતન શિબિર

ગાંધીનગર, તા. ૨૦

શેઠ સી એમ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના બ્રહ્માણી હોલ ખાતે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ જે અભ્યાસમાં સારો દેખાવ નથી કરી શક્યા એમના માટે એમના વાલીઓ સાથે એક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓનું વ્યક્તિગત તથા સ્કૂલનું પણ પરિણામ સુધારવા માટે પણ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાલીઓના સૂચનો પણ ધ્યાને લેવામાં આવ્યાં હતાં. ડૉ. સોમભાઈ પટેલે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોને જરૂરી સૂચનો કરી પ્રોત્સાહિત કર્યા હતા અને આગામી પરીક્ષામાં સફળતા માટે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમનું સંચાલન માધ્યમિક વિભાગના સુપરવાઈઝર પ્રહલાદભાઈ પટેલે કર્યું હતું. કે એમ પટેલ, હસમુખભાઈ પટેલ, મહેશભાઈ વડાલીયા, આર આર પટેલ, મહેશભાઈ ખોરસ્મા, સુનીલભાઈ દવે વગેરેએ વિદ્યાર્થીઓ, વાલીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## એમ. બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓએ ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૦

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં અડાલજની વાવ, પ્રભા હનુમાન મંદિર, ત્રિમંદિર જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી. જેમાં શાળાની ધોરણ-૩ની ૧૮૧ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. આ મુલાકાતમાં વિદ્યાર્થીનીઓએ જ્ઞાન સાથે ગમ્મત કરી મજા માણી હતી. આ મુલાકાતનું આયોજન શાળાના મદદનીસ શિક્ષક જયોત્સનાબેન પટેલ તથા રેખાબેન પટેલે કર્યું હતું. આ મુલાકાત દરમિયાન કુસુમબેન, કલ્પનાબેન, સતીષભાઈ, પ્રવિણભાઈ, રાજુભાઈ તથા સુપરવાઈઝરો પણ જોડાયા હતા.

# ગાંધીનગર ટાઉનહૉલ ખાતે 'પિયુ મનભાવન' નાટક ભજવાયું



ગાંધીનગર, તા. ૨૦

શ્રી ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર ટાઉનહૉલ ખાતે દિવસભર સ્નેહમિલન કાર્યક્રમ અને તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ માટેનો સમારોહ આજે યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત બપોરે ૧૨.૩૦ કલાકે જી ઈ ક્લબ અને પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટ નિર્મિત, કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત પૂર્ણ લંબાઈનું સામાજિક નાટક 'પિયુ મનભાવન' ભજવાયું હતું. ગાંધીનગરના જ કલાકારોના બનેલા આ નાટકમાં દિવ્યકાન્ત વર્મા, દિપલ પરમાર, કરણ રાજવીર, નીતિન પરમાર, પાર્થ બારોટ, ફાલ્ગુન નંદા, હિમાની માંકડ અને કુંતલ નિમાવતે અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. સંગીત સંચાલન રોનક સુતરીયા, લાઈટ સંચાલન મયુર ભાટીયા દ્વારા કરવામાં આવ્યું હતું. સૅટીંગ્સ પ્લગ-ઈન્સ દ્વારા, રૅકોર્ડીંગ્સ શાંતમ રૅકોર્ડ-ઈન દ્વારા અને ડ્રેસીંગ સૌજન્ય વૃંદા ડ્રેસીસ દ્વારા આપવામાં આવ્યું હતું.

ચોટદાર સંવાદો, સહજ કૉમેડી અને પ્રવાહિતાભરેલા આ નાટકને પ્રેક્ષકોએ ખૂબ મન ભરીને માણ્યું અને વખાણ્યું હતું. નાટકના અંતે કુંતલ નિમાવત દ્વારા સમગ્ર ટીમનો પરિચય આપવામાં આવ્યો ત્યારે શ્રી ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના પરિવારજનો દ્વારા ગાંધીનગરના આ સૌ કલાકારોને તાળીઓથી વધાવી લેવામાં આવ્યા હતા.

# રાજગોર બ્રાહ્મણ સેવા મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૦

શ્રી રાજગોર બ્રાહ્મણ સેવા મંડળ, ગાંધીનગરનો સ્નેહમિલન કાર્યક્રમ ધોળેશ્વર મહાદેવ નજીકના શિલ્પશ્રી પાર્ટી પ્લૉટ ખાતે યોજવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ મંડળનાં તમામ હોદેદારો મહિલાઓ છે.

આજના સ્નેહમિલન કાર્યક્રમમાં ટ્રેનર, ફેસીલેટર, મોટીવેટર અને કન્સલ્ટન્ટ દીપક તેરૈયા દ્વારા જ્ઞાતિજનોને એક ખાસ ટ્રેનીંગ આપવામાં આવી હતી, જેનું નામ એમણે આપ્યું હતું, 'ઈમોશનલ વેલ બીઈંગ ઈન ફેમિલી' એટલે કે કુટુંબમાં લાગણીનું સ્વાસ્થ્ય.

તેમણે જણાવ્યું હતું કે કુટુંબમાં પાંચ ટપકાંને જોડવામાં આવે તો બધાની લાગણીનું સ્વાસ્થ્ય સુંદર અને સુમધુર રહે. આ પાંચ ટપકાં એટલે સકારાત્મક શબ્દો, સેવા, સ્પર્શ, ઉપહાર (વસ્તુ જ હોય એ જરૂરી નથી) અને ક્વૉલિટી ટાઈમ.

કાર્યક્રમમાં જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને તાલીમનો લાભ લીધો હતો. કાર્યક્રમ બાદ જ્ઞાતિનાં પ્રમુખ દિવ્યાબેન ભરાડ દ્વારા મંડળ વતી દીપકભાઈને પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જ્ઞાતિના અગ્રણી ડૉ. ટી ઍસ જોષીનું સન્માન સી ઍલ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું. કરવામાં આવ્યું હતું, જેમને જીપીઍસસી દ્વારા જીસીઈઆરટીના ડિરેક્ટરપદે નિમણૂંક આપવામાં આવી છે. આ અગાઉ તેઓ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરના પ્રાચાર્ય તરીકેનો પદભાર સંભાળી રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રદ્ધા મનસુખ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે, સુખદેવભાઈ દવેના સૌજન્યથી સમૂહ ભોજનનો આનંદ સૌએ ઉઠાવ્યો હતો.

# મહેનતકશ મીઠાની ખેતીનાં ખારાં આંસૂ

## સ્વાદના રાજા મીઠાના સર્જકોનો સંઘર્ષ... રસ્તા, વીજળી અને પાણીથી જોજનો દૂર કાળી મજૂરી કરતાં અગરિયાઓ માટે યોજાયેલા મૅડિકલ કૅમ્પમાં ઓમકાર ટ્રસ્ટના ઍચ બી વરિયાએ આંખોના રોગો માટે અને આત્મન્ ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલે સેવાના ભેખથી માનવતાનો મલમ લગાડ્યો



**ખારાઘોડાના ખારા અશ્રુઓને પી આવ્યો, મીઠું શું ચીજ છે ! એની યાદ લઈ આવ્યો !**

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ગામથી થોડા આગળ વધીએ એટલે ખારાઘોડા નામનું એક નાનકડું ગામ આવે, ગામની સીમમાં મીઠાના ડુંગરો ખડકાયેલા છે અને પછી તો શરૂ થાય ખારાપાટનું રણ... એકવાર અંદર જાવ એટલે અફાટ જમીન, ભેંકાર વિસ્તાર, ચકલુંય ન ફરકે, રસ્તા કાચા, ઝાડ અને છાંયો કલ્પના જેવું લાગે, લાઈટ-પાણી, નેટવર્ક બધું જ ગાયબ, દસ-બાર કિમી પછી તો વિશાળ સમુદ્ર દેખાય, એમાં પ્રતિબિંબ દેખાય પણ પછી ખબર પડે કે એ તો ઝાંઝવા છે !

ત્યાંના રસ્તાઓ તો જો કોઈ સ્થાનિક વ્યક્તિ સાથે ન હોય તો આખો દિવસ રખડીએ તો પણ રણની બહાર ન નીકળી શકાય... આ બંજર જમીનમાં બાવળ પર ઉગતા નથી અને છતાંય અમુક અંતરે એકાદ નાની ઝૂંપડી અને બે-ચાર માણસો દેખાય, અને આ લોકો કરે છે મીઠાની ખેતી ! આ લોકો ઓળખાય છે અગરિયા તરીકે, સ્વાદના રાજા મીઠાને પકવતા આ લોકો એટલે અગરમાં મગર જેવા, ક્યાંથી પ્રગટ થાય અને ક્યાં ગાયબ થાય ખબર જ ન પડે...

શિયાળાના પગરણ અને ઠંડીના ચમકારા શરૂ થતાં જ આ ખારા રણમાં અગરિયા પરિવારો મીઠાની ખેતી કરવા લાગી પડે છે. મીઠું પકવવા મોટા ચોરસા, ચાસ બનાવે અને એમાં બેથી અઢી ફૂટ જેટલું પાણી ભરે, આ પાણી એટલે નર્યું ખારું પાણી, દર દસ દિવસે પાણી હલાવતા રહે અને ઠંડી જામે એટલે આ મીઠુંય જામી જાય. એપ્રિલ મહિનાની આસપાસ મીઠાના પાકનો ઉતારો થાય...

આ રણમાં પાણીની જબર રામાયણ, ૨૦-૨૫ કિમી દૂરથી સાયકલ પર પામી ભરી લાવે, ૧૦-૧૫ દિવસનાં કપડાં ભેગાં ધોવાય, તેઓ આ મીઠાના પાણીમાં કામ કરે એટલે પગ તો લોખંડ જેવા કઠણ બની જાય... પગમાં કાંટો આવે તો કાંટો બટકાઈ જાય... આ લોકોમાં જ્યારે મરણ થાય ત્યારે શરીર તો બળી જાય પણ પગને બાળતાં લાકડાંય હાંફી જાય છે...!!

કુપોષણ, સ્કીન, આંખો, હાડકાંના રોગો તો આમને સામાન્યતઃ થતા જ હોય છે, મોટા લોકોની આ દશા તો બાળકોની હાલત શું થાય ? સગર્ભા મહિલા અને બાળકો પણ રોગોથી પીડાય અને વિશેષ તો આ મીઠાનો પાક ઉતરે એનો ભાવ ૩૦ પૈસે કિલો મળે જે આપણા રસોડામાં આવતા સુધી તો ૧૫-૨૦ રૂપિયા થઈ જાય છે !

અગરિયા વિસ્તાર અને ખારાઘોડા રણમાં તાલુકા હેલ્થ ઓફિસ પાટડી દ્વારા મોબાઈલ હેલ્થ કેર યુનિટ તરફથી સ્ત્રી રોગ, ફિઝિશીયન, હાડકાના રોગ, બાળ રોગ, ચામડીના રોગ જેવા વિવિધ રોગોના નિષ્ણાત ડૉક્ટર્સ દ્વારા એક નિઃશુલ્ક સર્વરોગ નિદાન અને સારવાર કૅમ્પનું આયોજન થયું હતું... અફાટ રણ વિસ્તારમાં મંડપ બાંધીને બધા ડૉક્ટર્સ હાજર હતા, માણસ વસતી દેખાતી નહોતી, પણ પછી તો અચાનક અગરિયા એમના પરિવાર સાથે આવીને શિસ્તબધ્ધ રીતે એમના




રોગોની તપાસણી માટે લાઈનમાં લાગી ગયા...

અહીંયા લોકો કેવી રીતે આવશે ? એવો પ્રશ્ન સતત મૂંઝવતો લાગે પણ ત્યાંના લોકલ સક્રિય કાર્યકર ભરતભાઈ ત્રણ દિવસથી દરેક વસતીમાં ફરીને પેમ્ફલેટ આપી, દરેકે દરેક વ્યક્તિને સંદેશો પહોંચાડી આવેલા... દૂર-દૂર સુધી વસતી ન દેખાતાં આ ખારાપાટ રણમાં કૅમ્પનો લાભ લેવા ૪૫૦થી વધુ લોકો સ્વયંભૂ પ્રગટ થયા એ જ મોટી ઘટના કહેવાય... આ દરેક અગરિયા સાથે આ ડૉક્ટર્સ-નર્સ-સ્વયંસેવકોના વર્તાવ એટલા સૌમ્ય કે એમના અડધા દરદ એમ જ દૂર થઈ જાય...

ગાંધીનગરના નિવૃત્ત આઈએઍસ અધિકારી અને ગરીબો તથા જરૂરિયાતમંદને નિર્વ્યાજ પ્રેમ કરતા ઍચ બી વરિયાએ એમના ઓમકાર ટ્રસ્ટની ટીમ સાથે આંખોના રોગોની વિશેષ કાળજી લેતી વ્યવસ્થા કરાવી. લેટેસ્ટ સાધનો સાથેની સજ્જ ડૉક્ટર ટીમ સાથે ચશ્માના નંબર કાઢી તાત્કાલિક બધાને વિનામૂલ્યે ચશ્મા પણ બનાવી આપ્યા... આંખોની ગંભીર બિમારીના દર્દીની અલગ નોંધ કરી એમનાં ઑપરેશન માટેની સંપૂર્ણ ખર્ચ સાથેની વ્યવસ્થા ગોઠવી આપી...

આંખો માટે લાગેલી લાંબી લાઈનમાં મદદરૂપ થવા ગાંધીનગરના સ્વયંસેવકો અશોક ત્રિવેદી અને કે ઍસ રાણા પણ વરિયાસાહેબ સાથે કામે લાગેલા રહ્યા... આંખોની ટ્રીટમેન્ટ અને પછી મળેલાં ચશ્માથી રાજી થયેલા અગરિયાઓના આશિષ જ આ કૅમ્પનો સૌથી મોટો ઍવોર્ડ બની રહ્યો...

આત્મન ફાઉન્ડેશનના બૅનર હેઠળ સામાજિક સેવાકાર્ય કરતાં પ્રજ્ઞાબેન પટેલ ત્યાં આવનારા દરેક દર્દી માટે નાસ્તાની વ્યવસ્થા કરવા હાજર હતાં, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ નાસ્તાનું કાઉન્ટર અને ગરમ ચ્હાથી સૌ દર્દીઓને માનવતાનો મલમ લગાડવાનું કાર્ય કર્યું... દરેક કાર્યમાં હળીમળી ગયેલાં દિવ્યાબેન વરિયાએ બૂંદી-ગાંઠિયાનાં પૅકેટ બનાવવાનું અને વિતરણનું કામ ઉપાડી લીધેલું...

સુરેન્દ્રનગર જિલ્લાના કલેક્ટર પણ આ કૅમ્પમાં સહભાગી થવા અને અગરિયાઓના પ્રશ્નો સમજવા ખાસ્સું બે કલાક રોકાયા. અગરિયાઓના પ્રશ્નો, સરકારી સહાય અને ફોલો-અપનું આશ્વાસન આપતાં પહેલાં મીઠું પકવવાની પ્રોસેસ સમજી, મુશ્કેલીઓને બહુ નજીકથી જાણવાનો એમનો ઉત્સાહ અગરિયાઓમાં આશાનો કિરણ પ્રગટાવી ગયો...

ખારાપાટ રણમાં વસતા લોકોને માણસ ગણી, એમને મદદરૂપ થવાના સંકલ્પ સાથે ૨૫-૩૦ કિમી રણની અંદર મૅડિકલ કૅમ્પ લગાવી નિઃશુલ્ક સેવા કરનારા સૌ સલામને પાત્ર છે... અહીં આવેલા મહેનતકશ અગરિયાઓ સાથે એમની વાતો, મજૂરી, પ્રશ્નો અને પછી જીવાતી કાળી જિંદગીની કથની સાંભળવા કાઠું કાળજું જોઈએ... સ્વાદના રાજા મીઠાના ઉત્પાદનની મજૂરી કરી મૂલ્યવાન મીઠાની પેદાશ કરતા આ અગરિયાને મળવાનું, એમની વ્યથા જાણવાનું અને એમના ખારા આંસૂ પીવાનું સૌભાગ્ય આ લખનારનેય મળ્યું...

નાનાં બાળકોને કેડે તેડી કમરતોડ મજૂરી કરતી મહિલા, લોખંડના થાંભલા જેવા પગ થાય ત્યાં સુધી મીઠાની પાટો ઉખેડતા અગરિયા કે બે ચોપડી ભણવા માટે સ્કૂલના ઘંટની રાહ જોતાં બાળકો... બધું જ રૂંવાડાં ઊભાં કરે એવું... ઘુડખરના અભયારણ્યમાં એકેય ઘુડખર ન દેખાયું પણ વીજળી, પાણી, રસ્તા માટે તરસતી અને છતાંય મહેનતથી મીઠું પકવતી આ પ્રજાના પરસેવાથી આપણી રસોઈ સ્વાદિષ્ટ બને છે, એટલું વિચારીએ તોય ઘણું !

